# 5 કુટુંબમાં સ્ત્રીનું સ્થાન

સમાજના પાયાનાં બે પાત્રો એટલે સ્ત્રી અને પુરુષ. માનવજાતની શરૂઆત અને ભાવિનો આધાર સ્ત્રી અને પુરુષ છે. માનવસમાજના વિકાસના જે તબક્કામાં કુટુંબનો પ્રારંભ થયો ત્યારથી આજ સુધીમાં કુટુંબમાં સ્ત્રીનું સ્થાન કેન્દ્રવર્તી છે. કુટુંબમાં તે વિવિધ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. માતા, બહેન, પત્ની, પુત્રી, કાકી, માસી, મામી વગેરે ઘણા સામાજિક સંબંધો દ્વારા સ્ત્રીનું સ્થાન અનિવાર્ય છે. માનવસમાજનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી કુટુંબમાં સ્ત્રી કોઈ ને કોઈ સ્વરૂપે મૂર્તિમંત રહેશે.

જગતના પ્રાચીન ગ્રંથો વેદ છે. વેદ ચાર છે. વેદકાળ પહેલાં પણ કુટુંબસંસ્થા હતી. પણ તે સમયમાં કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીના સ્થાન બાબત કોઈ લેખિત સાહિત્ય પ્રાપ્ત નથી. વેદો ઈશ્વરની વાણી ગણાય છે. ઋષિઓને ઈશ્વરકૃપાથી સ્ફુરેલું જ્ઞાન વેદની રૂચાઓ રૂપે પાછળથી લખાયું છે. વેદ અપૌરુષ કહેવાય છે છતાં કેટલાક ઈતિહાસકારો કહે છે કે વેદના કેટલાક મંત્રો સ્ત્રીઓએ પણ રચેલા છે. એટલે કે વેદકાળમાં સ્ત્રીઓ શિક્ષણ લેતી હતી અને કુટુંબની જવાબદારીઓ અદા કરતી હતી અને કાવ્યો રચતી હતી.

ઉપનિષદકાળમાં તો ગાર્ગી અને લોપામુદ્રા જેવી વિદુષી સ્ત્રીઓ મહાજ્ઞાની ઋષિઓ સાથે શાસ્ત્રાર્થ પણ કરતી હતી. જનકરાજાના ગુરુ યાજ્ઞવલ્ક્યને કાત્યાયની અને મૈત્રેયી નામે બે પત્નીઓ હતી. યાજ્ઞવલ્ક્ય સંસાર છોડી બ્રહ્મવિદ્યાની ઉપાસના માટે તપસ્યા કરવા ગયા ત્યારે તેમની પત્ની મૈત્રેયી પણ સાથે બ્રહ્મવિદ્યાની ઉપાસના માટે ગઈ હતી એવો ઉલ્લેખ છે.

પ્રાચીન કાળમાં કુટુંબમાં પત્ની તરીકે સ્ત્રી પુરુષની અર્ધાંગના અને સહધર્મચારિણી ગણાતી હતી. સીતાનો ત્યાગ કર્યા પછી રામે અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. આ યજ્ઞની ધાર્મિક ક્રિયામાં રામ સાથે તેમનાં પત્ની હોય એવી શાસ્ત્રાજ્ઞા હતી. રામ બીજું લગ્ન કરી નવી પત્નીને પોતાની સાથે યજ્ઞવિધિમાં બેસાડે તેવી શાસ્ત્રીઓની વિનંતીનો રામે પોતાના એકપત્નીવ્રતને કારણે ઈન્કાર કર્યો ત્યારે રામ સાથે સીતાની સોનાની મૂર્તિ મૂકીને વિધિ કરવામાં આવેલ એવો રામાયણમાં ઉલ્લેખ છે. આમ, રામાયણકાળ સુધી કુટુંબમાં સ્ત્રીનું સ્થાન કેવું અનુપમ હતું તે જાણવા મળે છે. મહાભારતકાળમાં કુટુંબમાં માતા તરીકે સ્ત્રીનું સ્થાન સંતાનો માટે સર્વોચ્ચ હતું. માતાની આજ્ઞા સંતાનોએ શિરોધાર્ય કરવી પડતી તેનું ઉદાહરણ દ્રૌપદીનાં લગ્ન પાંચ પાંડવો સાથે કરાયાં તે ઘટના દ્વારા વ્યક્ત થાય છે. દ્રૌપદીના સ્વયંવરમાં વિજેતા તો અર્જુન હતો પણ માતા કુંતીએ અજાણતાં કહી દીધું "પુત્ર તું જે લાવ્યો તે પાંચ ભાઈ સંપીને વહેંચી લો". માતાના આ વચનનું પાલન કરવા ખાતર દ્રૌપદીએ પાંચે ભાઈઓ સાથે લગ્ન કરવાં પડેલાં.

કુટુંબમાં માતાના સ્થાનનું મહત્ત્વ દર્શાવવા સંતાનો જેમ પિતાના નામે ઓળખાતાં તેમ માતાના નામે પણ ઓળખાતાં. પાંડુના પુત્રો તરીકે જેમ યુધિષ્ઠિર, અર્જુન, ભીમ વગેરે પાંડવો તરીકે ઓળખાતા હતા તેમ કૌંતેય (કુંતીના પુત્ર) તરીકે પણ ઓળખાતા. પાલકમાતા રાધાના નામ પરથી કર્ણ પણ રાધેય કહેવાતો હતો.

લગ્નમાં પતિ પસંદ કરવાનો અધિકાર પણ સ્ત્રીને હતો. સીતાસ્વયંવર, દ્રૌપદીનો સ્વયંવર વગેરે તેના દાખલા છે. પસંદગીનો પતિ મેળવી સ્ત્રી કુટુંબમાં પત્નીસ્થાન પામતી હતી. બધી સ્ત્રીઓ માટે લગ્નસ્વયંવર કરવાની ફરજ ન હતી. રામ-સીતાનાં લગ્ન સ્વયંવરથી થયાં પણ તે સાથે જ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન સાથે જનકરાજાની અન્ય રાજકુમારીઓનાં લગ્નો દશરથરાજા અને જનકરાજાએ ગોઠવેલાં એટલે કે માબાપે ગોઠવેલાં લગ્નો હતાં.

જાહેરમાં બે પરિવારો કે માતાપિતાની સંમતિથી લગ્ન શક્ય ન હોય તો યુવક-યુવતી ગાંધર્વવિવાહ કરી લેતાં. શકુંતલા-દુષ્યંત અને અર્જુન-સુભદ્રાનાં આવાં લગ્નો હતાં. આમ આવાં વિવિધ પ્રકારનાં લગ્નો દ્વારા સ્ત્રી કુટુંબમાં પત્ની તરીકે સ્થાન પામતી હતી. પ્રાચીનયુગમાં લગ્ન મોટાભાગે પુખ્તવયે થતાં અને લગ્ન પછી સ્ત્રી પુરુષના પરિવારમાં તેની પત્નીનો માનભર્યો દરજ્જો પ્રાપ્ત કરતી હતી.

મનગમતા પતિ સાથે લગ્ન કરવાની સંમતિ માતાપિતા ન આપે તો પતિ તેની પત્નીનું અપહરણ કરીને લગ્ન કરતો. સુભદ્રાનું અર્જુને કરેલું અપહરણ, સુરેખાહરણ, સંયુક્તાહરણ વગેરે આવી ઘટનાઓ છે. તે રીતે સ્ત્રીને પત્નીનો માનભર્યો દરજ્જો પ્રાપ્ત થતો હતો.

મધ્યયુગમાં કુટુંબમાં સ્ત્રીનો દરજ્જો નીચો ઉતરેલો જોવા મળે છે. વિધર્મી આક્રમકોના સ્ત્રીઓ પરના અત્યાચારોના કારણે સ્ત્રીઓ કુટુંબ માટે આફતરૂપ બનવા લાગી. ખાસ કરીને રૂપાળી સ્ત્રીના કારણે તે કુટુંબ મુસલમાન રાજાઓની નજરમાં આવે તો કાં તો તેને સોંપી દેવી પડે કે સર્વનાશ માટે તૈયાર રહેવું પડે એવી સ્થિતિમાં રૂપાળી દીકરી કે પત્ની કુટુંબ માટે મોટું જોખમ બની જતી. આવી સ્ત્રીઓ કુટુંબને બચાવવા આત્મહત્યા કરી લેતી હતી. રજપૂતાણીઓ સમૂહમાં યુદ્ધસમયે હાર થવાની બીક હોય તો જીવતી ચિતામાં સળગી મરતી. આ પ્રથા જૌહર તરીકે ઓળખાતી.

આ જ સમયમાં વિધર્મીઓના હાથે પુત્રીનું અપહરણ થવાના કલંક અને ભયથી બચવા બાળલગ્નો કરી નાની પુત્રીઓને સાસરે વળાવી દઈ તેમને કુમળી વયે પત્ની બનાવી દેવાતી અથવા જન્મતાં જ દૂધ પીતી કરી દેવાતી. નાની ઉંમરે વિધવા થતી સ્ત્રીઓને સતી બનાવી દેવામાં આવતી અથવા વિધવાઓને કાશી, મથુરા, વૃંદાવનમાં પ્રભુભક્તિ માટે આજીવન મોકલી દેવામાં આવતી હતી.

આઝાદી આવ્યા પછી બાળલગ્નો અટકાવવાના કાયદા થયા છે પણ પછાતવર્ગોમાં તેનો અમલ સારી રીતે થતો નથી. વર્તમાન યુગમાં સ્ત્રીઓનું કુટુંબમાં પત્ની તરીકેનું સુખદ સ્થાન દહેજની પ્રથાના કારણે દુઃખદ પરિસ્થિતિ સર્જે છે. શિક્ષિત અને સુખી ગણાતા લોકો પણ દહેજની માગણી કરે છે અને સંતોષકારક ધન અને વસ્તુઓ ન મળે તો લગ્ન પછી પત્નીને ત્રાસ આપે છે. ત્રાસ આપવામાં પતિ સાથે કુટુંબના અન્ય સભ્યો પણ જોડાય છે અને પરિણીત સ્ત્રીનું જીવન દોજખ જેવું બનાવી દે છે.

દહેજ પ્રતિબંધક ધારો ઘણો કડક થયો છે. જો દહેજની માગણીથી ત્રાસ આપવામાં આવે તો કડક શિક્ષાની જોગવાઈ છે. જો તેવા ત્રાસથી સ્ત્રી મરણ પામે તો પતિ અને તેને સાથ આપનાર તેનાં માતાપિતાને જેલ પણ થાય છે. છતાં પણ ઘણાં કુટુંબોમાં સ્ત્રીઓ આવું રક્ષણ છતાં ત્રાસમય જીવન ગુજારે છે.

**સ્ત્રીસ્વાતંત્ર્ય**

મનુસ્મૃતિમાં કહેવામાં આવેલું છે કે સ્ત્રી સ્વતંત્ર રીતે રહી શકે નહિ. બાલ્યાવસ્થામાં પિતાનું, યુવાનીમાં પતિનું અને વૃદ્ધાવસ્થામાં પુત્રોનું રક્ષણ સ્ત્રી માટે અનિવાર્ય છે. આવી ભારતીય પરંપરાની જેમ વિશ્વના અન્ય દેશોમાં પણ સ્ત્રીની સ્વતંત્રતા પુરુષવર્ગને માન્ય ન હતી. સ્ત્રી સ્વતંત્ર રહી શકે નહિ એવી માન્યતા પાછળ તેની શરીરરચના અને પુરુષ કરતાં ઓછી શારીરિક શક્તિ એ બે કારણો આગળ ધરવામાં આવે છે. પુરુષપ્રધાન સમાજરચનામાં સ્ત્રીની બૌધિક કક્ષા પણ પુરુષ કરતાં ઓછી છે એવી ખોટી માન્યતા ઘર કરી ગયેલી છે. આના સમર્થનમાં 'સ્ત્રીની બુદ્ધિ પાનીએ અને ભણેલી તોય ભામિની અને અજવાળી તોપણ રાત' એવી બે કહેવતો પણ ગુજરાતી ભાષામાં છે. પણ સ્ત્રીઓને કામ કરવાની તક અને સ્વતંત્રતા મળે તો પુરુષો કરતાં સ્ત્રીઓ કોઈ રીતે ઊતરતી નથી એમ પુરવાર કરે એવા ઘણા દાખલા છે.

'દીકરી પારકું ધન' એને ભણાવીને શું કરવું છે ? દીકરીઓએ ભણીને ક્યાં હાટ માંડવાં છે ? આવી રૂઢ માન્યતાઓ 18મી સદીના અંતમાં તૂટવા લાગી હતી. સ્ત્રીઓના શિક્ષણની શરૂઆત 19મી સદીના સમાજસુધારણાનાં આંદોલનોના ભાગરૂપે શરૂ થઈ હતી. બંગાળમાં રાજા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે સ્ત્રીકેળવણીની શરૂઆત કરી હતી. મુંબઈમાં ધોંડો કેશવ કર્વે અને શ્રીમતી રમાબહેન રાનડેએ તે કામ ઉપાડ્યું હતું. આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ સ્ત્રીશિક્ષણ અને સ્ત્રી-પુરુષ સમાનતાની ઝુંબેશ આર્યસમાજ દ્વારા શરૂ કરી હતી. અમદાવાદમાં શ્રી રમણભાઈ નીલકંઠે પોતાની પુત્રી વિનોદિનીબહેનને કૉલેજમાં દાખલ કરીને સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરણા આપી હતી. ઉચ્ચ શિક્ષણ પામેલી સ્ત્રીઓએ સ્ત્રી-સ્વાતંત્ર્યની ભાવના પોતાના જીવન દ્વારા સમાજમાં પ્રસરાવવાની શરૂઆત કરી હતી.

પશ્ચિમના દેશોમાં સ્ત્રીશિક્ષણ ભારત કરતાં વહેલું શરૂ થયું હતું. ખાસ કરીને ઇંગ્લૅંડમાં 19મી સદીમાં રાણી વિક્ટોરિયાનું શાસન હતું. ભારતમાં રાણીછાપ સિક્કા ચલણમાં હતા. વિક્ટોરિયાનું નામ અને છાપ સિક્કા પર જોઈને ભારતના સ્ત્રીજગતને સ્વતંત્રતા માટે પ્રેરણા મળતી હતી.

### વિદેશી સન્નારીઓની પ્રેરણા

20 સદીની શરૂઆતમાં હોમરૂલની ચળવળ ચલાવનાર વિદેશી સન્નારી શ્રીમતી એની બેસન્ટનું જીવન અને કાર્ય ભારતીય સ્ત્રીઓને શિક્ષણસ્વાતંત્ર્ય અને જાહેરજીવનમાં પ્રેરણાદાયક હતું. સ્વામી વિવેકાનંદનાં અમેરિકન શિષ્યા સિસ્ટર નિવેદિતા હિંદુ ધર્મ સ્વીકારી ભારતમાં સ્થિર થયાં હતાં. તેમની પ્રવૃત્તિઓમાંથી ભારતની સ્ત્રીઓને ઘણી પ્રેરણા મળતી હતી. ફ્રાન્સથી ભારત આવી એક ફ્રેન્ચ સન્નારી અરવિંદ આશ્રમ પોંડિચેરીમાં વસ્યાં હતાં. આશ્રમપરિવારમાં માતાજી તરીકે તેમનું સ્થાન પ્રસ્થાપિત કરી શ્રી અરવિંદે તેમને આશ્રમનો વહીવટ સોંપી દીધો હતો. માતાજીની રહેણીકરણી અને વહીવટીશક્તિ દ્વારા સ્ત્રીસ્વાતંત્ર્યના વિચારને ઘણો વેગ મળ્યો હતો.

### ગાંધીજીના સત્યાગ્રહો

ભારતની આઝાદીની લડતોના ગાંધી યુગ પૂર્વે ભારતમાં સ્ત્રીશિક્ષણનો પ્રચાર મોટા શહેરોમાં સારી રીતે થયો હતો. ભણેલી સ્ત્રીઓ પોતપોતાના પરિવારમાં માનભર્યું સ્વતંત્ર જીવન જીવતી હતી. પણ સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રીશક્તિનો સમાજને પરિચય ગાંધીજીના સ્વાતંત્ર્યસંગ્રામોમાં થયો.

સવિનય કાનૂનભંગની 1930-32ની લડતોમાં સ્ત્રીઓને જોડીને ગાંધીજીએ કમાલ કરી. મુંબઈમાં દરિયાકિનારે મીઠાના કાયદાનો ભંગ કરવા કેસરિયાં વસ્ત્રો ધારણ કરી ગીતો ગાતી ગાતી સ્ત્રીઓનાં સરઘસો એક પછી એક ચોપાટીના દરિયાકિનારા તરફ કૂચ કરતાં હતાં તે જોઈને આજીવન સ્ત્રીકેળવણીનું કામ કરનારા એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટીના સ્થાપક મહર્ષિ કર્વે હર્ષભેર બોલી ઊઠ્યા હતા : "અમારા જેવાના આખા જીવનના કાર્ય કરતાં આ સાબરમતીના જાદુગરે તેમના એક જ કાર્યક્રમ દ્વારા સ્ત્રીશક્તિનું અદ્‌ભુત દર્શન કરાવ્યું".

### ધરાસણા સત્યાગ્રહનાં સ્ત્રીનેતા

દાંડીના નમકના કાયદાનો ભંગ કરી ધરાસણાના અગરો પર ચડાઈ કરવા માટે ગાંધીજીએ પોતા પછી અબ્બાસ અલી તૈયબજી અને તૈયબજીને સરકાર પકડે તો સત્યાગ્રહની નેતાગીરી શ્રીમતી સરોજિની નાયડુને સોંપીને સ્ત્રીશક્તિમાં વિશ્વાસ મૂક્યો હતો. સરોજિની દેવીની નેતાગીરીના સમાચારો વિશ્વભરમાં પ્રસરતાં ભારતમાં સ્ત્રીઓ રાજકીય લડતોમાં આગલી હરોળમાં છે તેની નોંધ લેવાઈ અને ભારતમાં સ્ત્રીસ્વાતંત્ર્યને વેગ મળ્યો.

ધરાસણાના સત્યાગ્રહમાં સ્ત્રીઓની ટુકડીઓએ પણ ભાગ લીધો હતો. ધરાસણાના સત્યાગ્રહ સાથે ગુજરાતમાં ધોલેરા, રાણપુર અને વિરમગામમાં પણ મીઠાનો કાયદો ભંગ કરવાના સત્યાગ્રહો થયા. આ બધા સત્યાગ્રહોમાં હજારો સ્ત્રીઓ નિર્ભય થઈને સામેલ થઈ. વિરમગામના સત્યાગ્રહમાં સરકારી અધિકારીઓએ સત્યાગ્રહીઓને પાણી વગર તરસે મારવાની કોશિશ કરી ત્યારે વિરમગામની સેંકડો સ્ત્રીઓ માથે પાણીનાં બેડાં ભરી ઘોડેસવાર પોલીસદળની પરવા કર્યા વગર સત્યાગ્રહીઓને પાણી પાવા ધસી ગઈ હતી.

**પિકેટિંગ**

કરની સવિનય કાનૂનભંગની લડતમાં ગાંધીજીએ પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવાની અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવાની જવાબદારી બહેનોને સોંપી હતી. આ કામગીરીમાં સ્ત્રીઓ ઘણી સફળ થઈ હતી. સ્ત્રીઓને સ્વતંત્ર રીતે કામ કરવાની તક મળી હતી. પોતાની શક્તિને કસોટી પર કસીને સ્ત્રીઓએ શક્તિનાં દર્શન કરાવ્યાં હતાં.

**જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીસ્વાતંત્ર્ય**

સ્ત્રીશિક્ષણના કારણે ઘરની ચાર દીવાલો છોડીને સ્ત્રીઓ જીવનના રંગમંચ પર વિવિધ ક્ષેત્રોમાં સ્વતંત્ર રીતે કામ કરતી થઈ હતી. શિક્ષણ, સમાજસેવા, વેપારવાણિજ્ય, આરોગ્યસેવાઓ અને રાજકારણ વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીઓ પ્રવૃત્ત બની હતી. સ્વરાજ પહેલાં અને સ્વરાજ પછી બહેનોનું કામ દાદ માગી લે તેવું રહ્યું છે.

સ્વરાજની લડતો અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં ઘણી સ્ત્રીઓએ નોંધપાત્ર ફાળો આપ્યો છે. સ્વરાજની લડતોમાં ગાંધીજી સાથે સરોજિની નાયડુ, કસ્તુરબા ગાંધી, કમલા નહેરુ, સ્વરૂપરાણીદેવી, ક્રાંતિકારીઓ સાથે મૅડમ કામા અને અરુણા અસફઅલી તથા આઝાદહિંદ ફોજમાં કૅપ્ટન લક્ષ્મીની આખી ઝાંસીની રાણીરેજિમેંટ દેશની આઝાદી માટે બહાદુરીપૂર્વક લડી હતી. આ આખી રેજિમેંટ સ્ત્રીઓની બનેલી હતી.

**સમાજસેવાક્ષેત્રમાં :** સ્વરાજ પહેલાં અમદાવાદમાં કાપડઉદ્યોગનો ઘણો વિકાસ થયો હતો. તે કાળે અમદાવાદ ભારતનું મેનચેસ્ટર કહેવાતું હતું. અમદાવાદમાં ગાંધીજી આશ્રમ સ્થાપ્યા પછી મિલમાલિકોના પ્રશ્નો અંગે તથા મજૂરકલ્યાણની પ્રવૃત્તિઓનાં કાર્યોમાં રસ લેતા હતા. અનસૂયાબહેન સારાભાઈ પોતે મિલમાલિકનાં પત્ની હોવા છતાં મજૂરોના કલ્યાણ માટે ગાંધીજીની સાથે રહીને સ્વતંત્ર રીતે કામ કરતાં હતાં. મજૂર બહેનોનાં નાનાં બાળકો માટે મિલોમાં ઘોડિયાઘરો શરૂ કરાવવાં વગેરે પ્રવૃત્તિઓ કરાવતાં હતાં.

**માલધારીઓની સેવા**

સૌરાષ્ટ્રમાં પુષ્પાબહેન મહેતા આહીર ભરવાડ તથા ચારણ જેવા માલધારીઓની ઉન્નતિ માટે ગીરનાં જંગલોમાં કામ કરતાં હતાં.

**આદિવાસીઓની સેવા :** વલસાડનાં મીઠુબહેન પીટીટ નામનાં પારસીબાનુ સુરત વલસાડના આદિવાસી વિસ્તારોમાં આદિવાસી કલ્યાણની પ્રવૃત્તિઓ કરતાં હતાં.

વઢવાણની વિકાસ વિદ્યાલય, ભાવનગરની શિશુવિહાર, મુંબઈની વનિતાવિશ્રામ અને અમદાવાદની જ્યોતિસંઘ જેવી સંસ્થાઓ મહિલા અને બાલકલ્યાણની પ્રવૃત્તિઓ કરતી હતી.

**કોમી હુલ્લડોમાં સ્ત્રીઓને રક્ષણ**

આઝાદીની લડતો વખતે કોમી હુલ્લડો ફાટી નીકળતાં હતાં ત્યારે તેનો ભોગ સ્ત્રીઓ બનતી. ગુંડાઓ સ્ત્રીઓને ઉપાડી જતા. અમદાવાદમાં આવી ઘટનાઓ વારંવાર બનતી હતી. અમદાવાદની સ્ત્રીઓની મદદે તે વખતે મૃદુલાબહેન સારાભાઈ અને તેમનાં સાથી ચારુમતી યોદ્ધા આવતાં અને જાનના જોખમે ભારે સાહસ

કરીને સ્ત્રીઓને બચાવતાં. જ્યોતિસંઘ સંસ્થા તે વખતે સ્થપાયેલી. આ સંસ્થા આજે પણ સ્ત્રીઓના સંચાલન નીચે ચાલે છે અને સ્ત્રીઓને મદદ કરે છે.

આઝાદી આવી ત્યારે પાકિસ્તાને કાશ્મીર પર આક્રમણ કર્યું હતું. આક્રમણખોરો સ્ત્રીઓ પર જુલમ ગુજારતા હતા ત્યારે અમદાવાદથી મૃદુલાબહેન સ્ત્રીસ્વયંસેવિકાઓની ટુકડી લઈ કાશ્મીરી સ્ત્રીઓની મદદે પહોંચી ગયાં હતાં.

**ઉદ્યોગધંધાઓમાં**

સ્ત્રીઓને સ્વતંત્ર રીતે કામ કરવાની તક મળે તો મોટા ઉદ્યોગધંધાઓનું પણ સંચાલન કરવાની ક્ષમતા ધરાવે છે. શ્રીમતી સુમતીબહેન મોરારજી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીનાં મૅનેજિંગ ડિરેક્ટર હતાં. આ કંપનીની સ્ટીમરો દુનિયાના ઘણા દેશોમાં માલ લઈ જવા-લાવવાનું કામ કરતી હતી. સુમતીબહેન મોરારજીએ વરસો સુધી આ કંપનીનો વહીવટ ઉત્તમ રીતે સંભાળ્યો હતો.

**શિક્ષણક્ષેત્રમાં**

સ્ત્રીઓને શિક્ષણ મળ્યું અને સ્વતંત્ર રીતે કામ કરવાની તક મળી ત્યારે શિક્ષણક્ષેત્રમાં તેઓએ ઘણી ઉમદા કામગીરી બજાવી છે. બાલશિક્ષણ કક્ષાથી ઉચ્ચ શિક્ષણ કક્ષા સુધી સ્ત્રીઓ શિક્ષણક્ષેત્રે કામ કરે છે.

સ્ત્રીઓનું માતૃહૃદય, સંવેદનશીલતા અને વાત્સલ્યભાવ તેમને આ ક્ષેત્રમાં સફળતા અપાવે છે. તારાબહેન મોડક અને કુ. ઇન્દુમતીબહેન શેઠ તેનાં ઉદાહરણ છે.

**રાજકીય ક્ષેત્રમાં**

ઇંગ્લૅંડ લોકશાહીની જનેતા છે પણ ઇંગ્લૅંડની સરકારે સ્ત્રીઓની ઘણી લડતો પછી સેંકડો વર્ષો પછી છેક 1928માં સ્ત્રીઓને મતાધિકાર આપ્યો હતો. ભારતના બંધારણના ઘડવૈયાઓએ બંધારણ અમલમાં આવ્યું ત્યારથી જ સ્ત્રીઓને ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વગર મતાધિકાર આપ્યો છે. સાથે સાથે રાજકીય ક્ષેત્રમાં ઉમેદવારી કરવાની પણ સ્વતંત્રતા મળી છે. આઝાદી પછી રાજકીય ક્ષેત્રમાં પણ સ્ત્રીઓ સ્વતંત્ર રીતે કામ કરતી થઈ છે. વિધાનસભામાં ચૂંટાઈને પ્રધાનપદ મેળવીને સરસ વહીવટ પણ કર્યો છે.

ગુજરાતમાં કુ. ઇન્દુમતીબહેન શેઠ, કુ. મણિબહેન પટેલ, શ્રીમતી જોહરાબહેન ચાવડા, શ્રીમતી ઉર્મિલાબહેન પટેલ, શ્રીમતી આનંદીબહેન પટેલ વગેરે રાજકીય ક્ષેત્રની તેજસ્વી મહિલાઓનાં ઉદાહરણો છે.

રાષ્ટ્રીય કક્ષાએ શ્રીમતી ઇન્દિરા ગાંધી, શ્રીમતી સુચેતા ક્રિપલાની, શ્રીમતી તારકેશ્વરી સિંહા, શ્રીમતી શારદા મુકરજી, શ્રીમતી મધુ દંડવતે, શ્રીમતી જયલલિતા અને શ્રીમતી માયાવતી વગેરે જાણીતી સ્ત્રીઓ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતનું નામ જાણીતું છે. તે યુએનનાં પ્રમુખ હતાં.

વિશ્વના અન્ય દેશોમાં પણ વીસમી સદીમાં રાજકીય ક્ષેત્રમાં ઘણી સ્ત્રીપ્રતિભાઓ જાણીતી છે. અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટનાં પત્ની શ્રીમતી રૂઝવેલ્ટે પ્રમુખની નાતંદુરસ્તીમાં અમેરિકાનો વહીવટ પ્રમુખના નામે સફળતાથી ચલાવ્યો હતો. ઇંગ્લૅંડનાં વડાં પ્રધાન શ્રીમતી થ્રેચર, ઇઝરાયેલનાં વડાં પ્રધાન શ્રીમતી ગોલ્ડામીર, શ્રીલંકાનાં વડા પ્રધાન શ્રીમતી સીરીમાઓ બંડારનાયકે અને પાછળથી માતાનું સ્થાન વડાં પ્રધાન તરીકે સંભાળનાર શ્રીમતી કુમારતુંગે, મ્યાનમારના લશ્કરી સરમુખત્યાર સામે લડી રહેલાં ભૂતપૂર્વ પ્રમુખ ઉનુંનાં પુત્રી, પાકિસ્તાનનાં પૂર્વ પ્રધાનમંત્રી બેનજીર ભૂટો, બંગલાદેશનાં વડાં પ્રધાન બનેલાં બેગમ મજીબુર રહેમાન અને તેમને હરાવી તે હોદ્દા પર આવેલાં બેગમ હસીના વગેરે વિશ્વની પ્રસિદ્ધ રાજનેતા બનેલી સ્ત્રીઓ છે. આપણા દેશમાં વર્તમાન સમયમાં ભા.રા.કૉ. પ્રમુખ સોનિયા ગાંધી, રાજસ્થાનનાં મુખ્યમંત્રી શ્રીમતી વસુંધરા રાજે, સાધ્વી ઉમા ભારતી, પૂર્વમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ, બંગાળનાં નેતા મૃણાલી સેન વગેરે સ્ત્રીશક્તિનાં ઉદાહરણો છે.

## વહીવટી સેવાઓમાં સ્ત્રીઓ

ભારતની ઉચ્ચ વહીવટી સેવાઓ માટેની પરીક્ષાઓ આઈએએસ અને આઈપીએસની પરીક્ષાઓમાં સફળ થઈ રાજ્યસરકારો અને કેન્દ્રસરકારોમાં બાહોશ અધિકારીઓ તરીકે સ્ત્રીઓએ નામના મેળવી છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરનાર અને પ્રથમ આઈપીએસ અધિકારી તરીકે નામના મેળવનાર શ્રીમતી કિરણ બેદી સફળ કામગીરી કરી રાજ્યના પોલીસવડા સુધી પહોંચીને હમણાં જ નિવૃત્ત થયાં છે. ગુજરાતમાં પ્રથમ વર્ગનાં પોલીસવડા બનેલ શ્રીમતી ગીતા જોહરી અને કલેક્ટર બનેલ શ્રીમતી અનુરાધામલ બાહોશ અધિકારીઓ છે.

ગુજરાત સરકારમાં પ્રથમ કક્ષાના વહીવટી અધિકારીઓ તરીકે ઘણી બાહોશ મહિલાઓ કામ કરે છે. આમાં ઘણી ગુજરાતી છે તો ઘણી અન્ય પ્રાંતોની મહિલાઓ છે. આ મહિલાઓ પૈકી ઘણી પરણિત છે અને પોતાના કુટુંબની જવાબદારી સંભાળતાં સંભાળતાં પોતાની ફરજો સારી રીતે સંભાળે છે.

## શિક્ષણક્ષેત્રમાં

પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ અને સંશોધનક્ષેત્રમાં કામ કરતી હજારો સ્ત્રીઓ સફળતાપૂર્વક પોતાની ફરજો બજાવે છે. ઘણી બહેનો પ્રાથમિક શાળાઓની શિક્ષિકાઓ છે તો ઘણી માધ્યમિક શિક્ષણમાં છે અને કેટલીક મહાવિદ્યાલયોમાં અધ્યાપિકાઓ અને આચાર્યાઓ પણ છે. ગુજરાત સરકારે કન્યાવિદ્યાલયોમાં આચાર્યો માટે સ્ત્રીઓ હોવી જોઈએ તેવો કાયદો કર્યા પછી ઘણા માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કન્યાવિદ્યાલયોમાં સ્ત્રીઓ આચાર્યો છે. મોટા ભાગની મહિલાઓ સ્વતંત્ર રીતે બધો વહીવટ ઉત્તમ રીતે સંભાળે છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રની સ્ત્રીઓએ પોતાના વિષયોમાં સંશોધન કરી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી તેમની શક્તિનો પરિચય કરાવ્યો છે અને પીએચ.ડી.ના ગાઈડ તરીકે કામ કરે છે.

## સાહિત્ય, સંગીત અને કલાના ક્ષેત્રે

આપણા દેશમાં અને દુનિયામાં જ્યારે સ્ત્રીઓને પોતાની શક્તિનો વિકાસ કરવાની તક મળી છે, સ્વતંત્રતા મળી છે ત્યારે ત્યારે પોતાના ક્ષેત્રમાં પુરુષસમોવડી સિદ્ધ થઈ છે.

સાહિત્યના ક્ષેત્રમાં મહાદેવી વર્મા, મહાશ્વેતા દેવી જેવી વિદુષી સ્ત્રીઓએ ઉત્તમ કૃતિઓનું સર્જન કર્યું છે. ગુજરાતી, મરાઠી, હિંદી અને અંગ્રેજી ભાષાઓમાં સાહિત્યકાર સ્ત્રીઓનું ઘણું પ્રદાન છે. શ્રીમતી પદ્મા ફડિયા, શ્રીમતી વર્ષા અડાલજા અને શ્રીમતી કુંદનિકા કાપડિયા જાણીતી ગુજરાતી સાહિત્યકાર સ્ત્રીઓ છે.

સંગીતની કલામાં લતા મંગેશકર, આશા ભોંસલે, અનુરાધા પૌંડવાલ અને મીના પટેલ જેવી સ્ત્રીઓએ ઉત્તમ સંગીતરચનાઓ સમાજને આપી છે.

કેટલીક તેજસ્વી સ્ત્રીપ્રતિભાઓએ નૃત્ય અને નાટ્યકલાના ક્ષેત્રમાં તેમજ ફિલ્મોમાં સુંદર અભિનય અર્પ્યો છે. જુદા જુદા પ્રકારનાં નૃત્યોમાં ઘણી સ્ત્રીઓએ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. શ્રીમતી નરગીસ દત્ત, શ્રીમતી મૃણાલિની સારાભાઈ, શ્રીમતી નિરુપા રૉય, આશા પારેખ, હેમામાલિની, શ્રીમતી શર્મિલા ટાગોર વગેરે સેંકડો સ્ત્રીઓએ આ ક્ષેત્રમાં પોતાને મળેલી સ્વતંત્રતાને સાર્થક કરી છે.

## જોખમી વ્યવસાયક્ષેત્રો

હવાઈ ઉડ્ડયન, સંરક્ષણદળોની કામગીરી, અવકાશી ઉડ્ડયન અને પર્વતારોહણ વગેરે જેવા જોખમી વ્યવસાયોમાં સ્ત્રીઓએ પ્રવેશ કર્યો છે. આ બધાં ક્ષેત્રોમાં તેઓ સફળતાપૂર્વક પોતાની ફરજો બજાવી રહી છે. શ્રીમતી કલ્પના ચાવલાએ અવકાશયાત્રી તરીકે નામના મેળવી છે.

સ્ત્રીઓને સ્વતંત્રતા અને સગવડ મળતાં જે-જે કાર્યો કે વ્યવસાયો પુરુષો કરે છે તે બધાં કાર્યો તેઓ કરી રહી છે. આપણા દેશ કરતાં પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓ પ્રમાણમાં વધારે સ્વતંત્રતા ભોગવે છે અને

જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહી છે. ભારતમાં હિન્દુ સમાજ અને મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓની બહુ ઓછી સંખ્યા સ્વતંત્રતા મેળવીને વિકાસ કરી શકી છે. ગ્રામવિસ્તારોમાં અને પહાડીવિસ્તારો તથા વનવિસ્તારોમાં કરોડોની સંખ્યામાં હજુ સ્ત્રીઓ ઘરની ચાર દીવાલો વચ્ચે જીવન વ્યતીત કરે છે. સમાજ અને પરિવારની રૂઢિઓથી તેઓ બંધાયેલી છે. કુટુંબના વહીવટમાં તેમનો કોઈ અવાજ નથી. કુટુંબના નિર્વાહ માટે સખત મજૂરી કરે છે.

હિન્દુ સમાજની સરખામણીએ મુસ્લિમ સમાજમાં સ્ત્રીશિક્ષણ અને સ્વતંત્રતા બહુ ઓછાં છે. કેટલીક મધ્યયુગીન રૂઢિઓ અને સામાજિક નિયમો સ્ત્રીઓના સ્વાતંત્ર્યને કચડી નાખે છે. ચાર પત્ની કરવાની છૂટ અને તલાકની બેજવાબદારીભરી પદ્ધતિથી મુસ્લિમ સ્ત્રીઓની સ્થિતિ દુ:ખદ અને કરુણ છે.

**સમાનતાની સ્થિતિ**

કુટુંબમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ ન હોય અને સમાનતા હોવી તે ખૂબ જરૂરી છે. સામાજિક રૂઢિઓ અને પરંપરાઓ સ્ત્રી-પુરુષ સમાનતા વચ્ચે આડે આવે છે. પણ ભારતના બંધારણમાં અને કેટલાક કાયદાઓ દ્વારા સ્ત્રી-પુરુષ સમાનતા જાળવવામાં આવે છે. આવી સમાનતા નીચેની બાબતોમાં જોવા મળે છે :

**(1) નાગરિક તરીકે સમાનતા :**

ભારતના બંધારણમાં સ્ત્રી-પુરુષોને નાગરિક તરીકે સમાન અધિકારો છે. મત આપવાનો અધિકાર, શિક્ષણ મેળવવાનો અધિકાર, વ્યવસાય કરવાનો અધિકાર, રાજકીય પક્ષોમાં જોડાવાનો અધિકાર, ચૂંટણીમાં ચૂંટાવાનો અધિકાર અને ચૂંટાય તો પદાધિકારી બનવાનો અધિકાર સ્ત્રી-પુરુષને સમાન છે.

કાયદાથી મળેલા આવા ઘણા અધિકારોમાં સ્ત્રી-પુરુષની સમાનતા છે પણ રાજકીય ક્ષેત્રમાં ઘણી સ્ત્રીઓ આ અધિકાર ભોગવતી ન હોવાથી નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, નગરપંચાયતો, ગ્રામપંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં સ્ત્રીઓને પદાધિકારી સ્થાનો આપવા માટે સભ્યોની સંખ્યામાં અને સરપંચ કે પ્રમુખના હોદ્દાઓ માટે ત્રીજા ભાગની સંખ્યા સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવે છે. આના કારણે સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે. સ્ત્રીસંગઠનો હવે પચાસ ટકાની માગણી કરી રહ્યાં છે. રાજ્યોનાં વિધાનગૃહો અને સંસદનાં બંને ગૃહો માટે ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે હજુ અનામતથી સ્ત્રીસંગઠનો તેની માગણી કરે છે. લોકસભામાં તે માટે બિલ લાવી કાયદો કરવાનું વચન રાજકીય પક્ષો આપે છે પણ તેનું પાલન હજુ સુધી થયું નથી.

**ધાર્મિક સમાનતા**

હિન્દુ ધર્મમાં ધાર્મિક વિધિ કરવામાં પતિ-પત્ની સાથે હોય તે જરૂરી છે. પોતપોતાનો ધર્મ પાળવા માટે સ્ત્રી-પુરુષોને સમાન અધિકારો મળેલા છે પણ લગ્નના કાયદા તેમાં બાધક છે. સામાન્ય રીતે પતિનો ધર્મ પત્નીનો ધર્મ ગણાય છે. આંતરધર્મી લગ્ન થાય તો સ્ત્રીએ પોતાનો ધર્મ બદલવો પડે છે તે યોગ્ય નથી.

**સંતાનો પરના અધિકારમાં સમાનતા**

સંતાન પર માતાપિતાનો સમાન અધિકાર છે. સંતાનો સામાન્ય રીતે પિતાની અટક ધારણ કરે છે પણ જો સંતાનો ઇચ્છે તો માતાની અટક ધારણ કરી શકે છે. સંતાનો પોતાના નામ પાછળ પિતાનું નામ લખાવે છે પણ હવે માતાનું નામ લખાવવાની છૂટ કાયદાથી મળી છે.

લગ્નવિચ્છેદ થાય તો પુખ્ત ઉંમરનાં બાળકો પોતાને માતા કે પિતા બેમાંથી કોના સાથે રહેવું છે તેનો નિર્ણય કરે છે. જો બાળકો નાનાં હોય તો સામાન્ય રીતે માતાનો અધિકાર પ્રથમ ગણાય છે.

### મિલકતના અધિકારમાં સમાનતા

સંતાનોને પિતાની મિલકત વારસામાં પ્રાપ્ત થાય છે પણ પુત્રીને પિતાની મિલકતનો હિસ્સો પરંપરા પ્રમાણે મળતો ન હતો. તે માટે કાયદો ન હતો. ભારતની સંસદે સને 2005માં કાયદો કરીને હવે પુત્રીને પણ પિતાની મિલકતમાં અધિકાર આપીને મિલકતના અધિકારની સમાનતા પ્રસ્થાપિત કરે છે.

### સરકારી નોકરીઓમાં સમાનતા

ભારતના બંધારણે સ્ત્રી-પુરુષને આપેલી સમાનતાના કારણે સરકારી નોકરીઓમાં અને સરકારનું અનુદાન લેતી ખાનગી સંસ્થાઓમાં સ્ત્રી-પુરુષને સમાન તક છે. નોકરી માટે જે શૈક્ષણિક લાયકાત નક્કી કરવામાં આવેલી હોય તે લાયકાત ધરાવતાં સ્ત્રી-પુરુષો અરજી કરી શકે છે. તેને લગતી કસોટી હોય તો તેમાં પાર ઉતરેલી સ્ત્રીઓને પણ તે નોકરી પ્રાપ્ત થાય છે. પગારધોરણ, બઢતીની તકો અને સગવડો બન્નેને સમાન ધોરણે પ્રાપ્ત થાય છે. આઇએએસની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરનાર સ્ત્રી હોય તો તેને પણ પ્રથમ વર્ગની સરકારી નોકરી પ્રાપ્ત થાય છે. તેની સાથે તે નોકરીમાં જોડાયેલ પુરુષ-અધિકારી જેટલા જ લાભો પ્રાપ્ત થાય છે.

### ખાનગી વ્યવસાયમાં સમાનતા

કેટલાક ખાનગી વ્યવસાયો કરવા માટે સરકારની મંજૂરી કે લાઇસન્સ-પરવાનાની જરૂર પડે છે. દાખલા તરીકે વકીલાતના વ્યવસાય માટે સરકાર પાસેથી સનદ લેવાની હોય છે. જો સ્ત્રી આ સનદ પ્રાપ્ત કરવા જેટલું શિક્ષણ પ્રાપ્ત કરે અને તે માટેની વિધિ કરે તો તેને પણ સનદ મળે છે. સેંકડો સ્ત્રીઓ હવે વકીલાત કરે છે.

ઉદ્યોગધંધા સ્થાપવા માટે કંપની રજિસ્ટર કરવાની કામગીરી પુરુષની જેમ સ્ત્રી પણ કરે તો તે ઉદ્યોગ કે ધંધો કરવા માગતી હોય તે ગેરકાયદેસર ન હોય તો તેને જરૂરી પરવાનો મળે છે અને વ્યવસાય પુરુષની જેમ કરી શકે છે.

સ્ત્રીઓ કોઈ વ્યવસાય કરવા તેને અનુરૂપ સહકારી મંડળી કે સંઘ રજિસ્ટર કરાવવાની વિધિ કરે તો તેમને તે મંડળી કે સંઘ રજિસ્ટર કરી તે દ્વારા વ્યવસાય કરવાની પુરુષોની જેમ જ છૂટ મળે છે. કેટલીક દૂધ-ઉત્પાદક સહકારી મંડળીઓ, મહિલાગૃહઉદ્યોગ મંડળીઓ અને સંઘો દ્વારા મહિલાઓ વ્યવસાયો કરી શકે છે. તેવી મંડળીઓ અને સંઘોના પદાધિકારી બની શકે છે. કોઈ પણ સ્ત્રી નાનીમોટી દુકાન કરીને પુરુષની જેમ જ પોતાને અનુકૂળ ચીજવસ્તુઓનો વેપાર કરી શકે છે. માટે તેને કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર બૅંકગૅરંટી કે લોન મળે છે.

### મિલકત ખરીદવાનો કે વેચવાનો અધિકાર

પુરુષોની જેમ જ મહિલાઓને કોઈ પ્રકારની સ્થાવર કે જંગમ મિલકત ખરીદવાનો અધિકાર છે તથા પોતાની માલિકીની સ્થાવર જંગમ મિલકત વેચવાનો પણ અધિકાર છે.

સમાજમાં સામાન્ય રીતે સ્ત્રીઓને પુરુષોની જેમ જ સમાન અધિકારો, હક્કો અને તકો મળી રહે છે. જુનવાણી પરિવારો અને શિક્ષિત લોકોની સંકુચિત માન્યતાઓના કારણે સમાનતા અને સમાન તકો મળતી હોવા છતાં સ્ત્રીઓ પોતે ઇચ્છતી નથી. જો સ્ત્રીઓ સમાનતાની તકોનો ઉપયોગ કરવા જાય તો પરિવાર આડો આવે છે કે રૂઢિઓ નડે છે.

**સમાનતાની આવશ્યકતા**

સ્ત્રી અને પુરુષ બંને જીવનરથનાં બે પૈડાં છે. આ પૈડાં સમાન હોય તો જીવનરથ સારી રીતે ચાલે છે. બંને પૈડાં સરખાં ન હોય તો રથ ક્યારેક ગબડી પડે છે. સામાન્ય મુસાફરીની જેમ જ જીવનની સફરમાં પતિ-પત્ની વચ્ચે સમાનતા ઝડપી વિકાસ અને શાન્તિમય પારિવારિક જીવન માટે આવશ્યક છે.

**આર્થિક વિકાસ**

વર્તમાનયુગ ગતિશીલ છે. જીવનધોરણ ઝડપથી ઊંચું જઈ રહ્યું છે. પરિવારની આર્થિક જરૂરિયાતો વધતી જાય છે. સામાજિક પ્રસંગો વધારે ખર્ચાળ બનતા જાય છે. જીવનજરૂરિયાતોના ભાવો ઊંચા થતા જાય છે. 1973માં એક કિલો સાગર ઘીનો ભાવ રૂા. 13 હતો તે આજે વધીને કિલોના 150 રૂપિયા થયા છે. આવો ભાવવધારો કાપડ, અનાજ, તેલ અને શાકભાજીમાં થયો છે. વાહનોનાં ભાડાં, પેટ્રોલ, ડીઝલ અને વાહનોની કિંમત પણ વધતી રહે છે. શિક્ષણ અને દાક્તરી સારવાર મોંઘાં થતાં જાય છે. દવાઓ તેમજ ઔષધિઓની કિંમતો પણ વધતી જાય છે. આવા સંજોગોમાં કુટુંબના આર્થિક વિકાસ માટે પતિ-પત્ની બંને સમાન કક્ષાનાં હોય અને નોકરી-ધંધા દ્વારા કમાતાં હોય તો કુટુંબનો આર્થિક વિકાસ થાય છે.

**આર્થિક હરીફાઈ**

વર્તમાન વિશ્વવેપારમાં હરીફાઈ ચાલે છે. વિશ્વના વિકસિત દેશોમાં સ્ત્રી-પુરુષ સમાન ગણાય છે અને બંને આર્થિક પ્રવૃત્તિ કરે છે. જેથી તે દેશોની આવક વધે છે, ઉત્પાદન પણ વધે છે. આ ઉત્પાદન આપણા દેશ જેવા વિકસતા દેશોને વેચીને તે દેશો પોતાની સમૃદ્ધિ વધારી રહ્યા છે.

ભારત જેવા મોટી જનસંખ્યા ધરાવતા દેશમાં લગભગ પચાસ ટકા જનસંખ્યા સ્ત્રીઓની છે. જો આ સ્ત્રીવર્ગ પરંપરાગત અનુત્પાદક ગૃહકાર્યમાં જ રોકાઈ રહે તો રાષ્ટ્રીય આવકમાં ઝડપી વૃદ્ધિ થાય નહિ. એટલે રાષ્ટ્રના વિકાસ માટે લોનો લેવાની જરૂર પડે છે. લોનો, તેનું વ્યાજ અને તેની શરતોના કારણે આપણે આર્થિક હરીફાઈમાં ટકી શકતા નથી. દેશમાં માનવબળ ઘણું છે. તે તમામ સ્ત્રી-પુરુષો સમાન ધોરણે ઉત્પાદનકાર્યોમાં લાગે તો જ રાષ્ટ્ર વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ટકી રહે.

**રાષ્ટ્રીય સંરક્ષણ**

રાષ્ટ્રીય સંરક્ષણ માટે દેશનાં તમામ યુવાન સ્ત્રી-પુરુષો સમાન તાલીમ પામેલાં અને સશક્ત હોય તે જરૂરી છે. મધ્યયુગમાં ઇસ્લામનાં આક્રમણો સામે આપણો દેશ ટકી ન શક્યો. તેનાં ઘણાં કારણો પૈકીનું એક કારણ યુદ્ધોમાં સ્ત્રીઓની અકર્મણ્યતા હતી. વર્તમાન સમયમાં નાનકડું ઇઝરાયલ તેની આજુબાજુ આવેલા સાતસાત આરબ દેશોને હરવી શકે છે અને ડરાવી શકે છે. તેનું કારણ ત્યાં સ્ત્રી-પુરુષો સરખાં સશક્ત છે અને તાલીમબદ્ધ છે. જેથી રાષ્ટ્રના રક્ષણ માટે ખડેપગે તૈયાર થઈ જાય છે. યુદ્ધમાં સંરક્ષણ ઉપરાંત ઇઝરાયલનાં સ્ત્રી-પુરુષોની અનેકવિધ સમાનતાના કારણે માત્ર પાંચ સેમી વરસાદવાળો રણપ્રદેશ વિશ્વનો હરિયાળો અને સમૃદ્ધ ખેતી અને પશુપાલન ધરાવતો થયો છે.

તેના પ્રમાણમાં આપણો દેશ શિક્ષણમાં સ્ત્રી પછાત હોવાના કારણે ખેતી, પશુપાલન અને ગ્રામોદ્યોગોમાં ઘણો પાછળ પડી ગયો છે. આપણા દેશની સ્ત્રીઓ પાણીના બગાડમાં હોશિયાર છે. આપણા દેશની સ્ત્રીઓ ઇઝરાયલની સ્ત્રીઓના જેવી શિક્ષિત, ખડતલ અને જાગૃત બની પુરુષસમોવડી બને તે અત્યંત આવશ્યક છે.

**ભાવિ નાગરિકોના ઉછેર માટે**

કોઈ પણ રાષ્ટ્રનો વિકાસ તેના નાગરિકોની ક્ષમતા પર આધાર રાખે છે. દેશની સ્ત્રીઓ ભાવિ નાગરિકોને જન્મ આપે છે પણ તેમનો સારી રીતે ઉછેર થાય અને સર્વાંગી વિકાસ થાય તે માટે પૂરતી જાગૃત

નથી. મોટા ભાગની ગ્રામીણ મહિલાઓ અર્ધશિક્ષિત કે અશિક્ષિત છે. વહેમ અને અંધશ્રદ્ધામાં જીવતી માતાઓ બાળકોની તંદુરસ્તી સાચવી શકતી નથી. બાળક બીમાર પડે તો યોગ્ય સારવાર કરાવવાને બદલે દોરાધાગા અને બાધાઆખડીમાં અટવાય છે. તેથી બાળકનું આરોગ્ય ક્યારેક જોખમાય છે. આવું ન બને તે માટે સ્ત્રીઓ શિક્ષણ લઈ પુરુષસમોવડી બને તે જરૂરી છે. જ્યાં સુધી સ્ત્રી અંધશ્રદ્ધામાંથી મુક્ત નહિ થાય ત્યાં સુધી પરિવાર પણ તેમાંથી મુક્ત નહિ થાય.

ઉપર જણાવેલા અને તેના જેવા બીજા મુદ્દા સ્ત્રી-પુરુષની સમાનતાની જરૂરિયાત સમજવાની દિશામાં સ્ત્રીઓ અને પુરુષો સૌ માટે દિશાસૂચન કરે છે.

**સ્ત્રીસમાનતાના આડે આવતા પ્રશ્નો**

સ્ત્રીઓનો વિકાસ થાય અને તે તેમના પોતાના જીવનમાં અને પરિવારમાં સુખી થાય તે સૌને ગમે તેવી વાત છે પણ તેમ થતું નથી તેનાં કેટલાંક કારણો છે.

**સ્ત્રીશિક્ષણનો અભાવ**

સ્ત્રીઓની નિરક્ષરતા કે અધૂરું શિક્ષણ મોટો પ્રશ્ન છે. તેના કારણે સ્ત્રીઓ પોતાના પતિ સાથે, કુટુંબના આર્થિક વિકાસના કાર્યક્રમો સાથે તાલ મિલાવી શકતી નથી. અજ્ઞાન અને રૂઢિગત માનસના કારણે ક્યારેક બાધારૂપ થાય છે. તેથી સુસંવાદિત કુટુંબજીવનને બદલે કંકાસ ઊભો થાય છે અને પરિવારની પ્રગતિ રૂંધાય છે. સરવાળે તે સામાજિક વિકાસને અવરોધક બને છે.

**પુરુષોનું રૂઢિગત માનસ**

આપણા દેશમાં હજારો વરસોથી મોટા ભાગે પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા ચાલી આવે છે. એટલે કુટુંબના બધા પ્રશ્નોનો નિર્ણય પુરુષો કરતા આવ્યા છે. તેથી પુરુષોના મનમાં એવી ગ્રંથિ બંધાઈ ગઈ છે કે કોઈ બાબતમાં સ્ત્રીઓને વળી શું પૂછવાનું હોય? સ્ત્રીઓને એમાં શી સમજણ પડે ? એ તો રસોઈ કરે, ખેતી, પશુપાલનનું કામ કરે અને બાળકોને ઉછેરે; બહુ બહુ તો મહેમાનોની સરભરા અને વૃદ્ધોની સેવા કરે.

કમાવાનું કામ તો પુરુષોનું છે. ઘરની બહારનાં કામ પુરુષોનાં છે. સ્ત્રીઓને ઘર બહાર કમાણી માટે મોકલવામાં આવે તો કુટુંબની પ્રતિષ્ઠા જાય. આવા રૂઢિગત માનસને કારણે પરિવારમાં ભણેલી, કુશળ અને કમાઈ શકે એવી અને નોકરીધંધો કરે એવી સ્ત્રી હોય તોપણ એવા કામમાં જવા દેવામાં આવતી નથી. એટલે આર્થિક સમાનતા થતી નથી. તેથી સ્ત્રીઓ પણ દબાતી રહે છે.

**સંયુક્ત કુટુંબો**

આપણા સમાજમાં હજારો વર્ષોથી સંયુક્ત કુટુંબવ્યવસ્થા ચાલી આવે છે. સંયુક્ત કુટુંબના વડા શ્રમ-વિભાજન કરે છે. આ વડાઓ રૂઢિગત માનસ ધરાવે છે. એટલે યુવાન શિક્ષિત પતિ-પત્ની હોય અને પતિ ઇચ્છે તોપણ વડીલની સંમતિ વગર તેની પત્નીને નોકરી-ધંધામાં મોકલી શકતો નથી. આમ, સંયુક્ત કુટુંબની વડીલશાહી અને રૂઢિચુસ્ત માનસ પણ સ્ત્રી-પુરુષની સમાનતાની આડે આવે છે.

**મિથ્યાભિમાન**

કેટલાંક કુટુંબોમાં એવું મિથ્યાભિમાન હોય છે કે અમારા કુટુંબમાં સ્ત્રીઓને નોકરી કરાવતા નથી. એટલે કેળવાયેલી સક્ષમ પુત્રીઓ કે પુત્રવધૂઓને ઘર બહાર નોકરી માટે જવા દેતા નથી.

**ખોટી માન્યતાઓ**

કૂપમંડૂક અને અજ્ઞાન કુટુંબોમાં નોકરી કરતી સ્ત્રીઓ ઉપર વડીલો અને સ્ત્રીઓ વિશ્વાસ ધરાવતાં નથી. નોકરી કરતી સ્ત્રીઓ બગડી જાય છે એવી હલકી મનોવૃત્તિના કારણે સ્ત્રીઓને બહાર કામ કરતી રોકવામાં આવે છે. પરિણામે સ્ત્રી-પુરુષો વચ્ચે કામની તથા આર્થિક સમાનતા ઊભી થઈ શકતી નથી.

## દીકરા-દીકરીના ઉછેરમાં ભેદ

ભારતીય કુટુંબવ્યવસ્થા ખૂબ પુરાણી છે. તેના લાંબા ભૂતકાળમાં કુટુંબનાં બાળકોના ઉછેરમાં જૂની પરંપરાઓ, પિતૃસત્તાક કુટુંબરચના અને માતાપિતાનાં વલણો વગેરે કારણોને લીધે દીકરા-દીકરીના ઉછેરમાં ભેદભાવ જોવા મળે છે. દીકરાને વધારે માનપાન અને લાડકોડ મળે છે. પરિવારમાં દીકરાનું મહત્ત્વ વધારે જણાય છે. દીકરાની જરૂરિયાતો પહેલી સંતોષવામાં આવે છે. દીકરીની જરૂરિયાતો માટે ઉપેક્ષા સેવવામાં આવે છે. આવા ભેદભાવનાં મુખ્ય કારણો નીચે મુજબ છે :

### પિતૃસત્તાક કુટુંબરચના

પિતૃસત્તાક કુટુંબરચનામાં દીકરી પરણીને સાસરે જાય છે. પુત્ર પિતાની મિલકતનો વારસ બને છે ને પરણીને તેની પત્ની સાથે કુટુંબમાં રહે છે. પિતાની મિલકત અને પરિવારની પ્રતિષ્ઠા જાળવવાનું કામ પુત્ર કરે છે. માતાપિતાની વૃદ્ધાવસ્થામાં કે બીમારીના પ્રસંગે પુત્ર અને તેની પત્ની માબાપની સેવા કરે છે. આમ, માતાપિતાની ભાવિ જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી સમાજની પરંપરા પ્રમાણે પુત્રની છે એટલે જન્મથી જ પુત્રનું મહત્ત્વ પુત્રી કરતાં વધારે હોય છે. તેથી પુત્ર-પુત્રીના ઉછેરમાં ભેદભાવ રહે છે.

### ધાર્મિક રૂઢિઓ

હિંદુ સમાજમાં માતાપિતાના મૃત્યુ પછીની ધાર્મિક રૂઢિઓમાં પુત્ર હોવો જરૂરી છે. માતાપિતાના મૃતદેહને પુત્ર જ કાંધે ઉપાડી સ્મશાનમાં લઈ જાય છે. ત્યાં જઈ અગ્નિદાહ પણ પુત્ર જ કરી શકે છે. મૃત્યુ પછી શ્રાદ્ધક્રિયામાં પિંડદાન કરે છે. આ ક્રિયા પુત્ર કે ભાઈનો પુત્ર જ કરે છે એવી ધાર્મિક રૂઢિ છે. આ રૂઢિના કારણે પુત્રનું મહત્ત્વ વધારે હોઈ તેનો ઉછેર દીકરીના કરતાં વધારે સારો કરવાનો પ્રયત્ન થાય છે.

### સામાજિક વલણો

સમાજમાં સ્ત્રી-પુરુષના ભેદભાવનાં સામાજિક વલણો કુટુંબમાં ''દીકરી પારકું ધન'', ''દીકરી સાપનો ભારો'', ''દીકરીને બહુ લાડકોડ કરવાં સારાં નહિ'' વગેરે વલણો દીકરીને દીકરા કરતાં ઊતરતી કક્ષાની માનવા પ્રેરે છે. તેનું સ્થાન દીકરા કરતાં હલકું ગણાય છે.

દીકરી ભણીને મોટી થઈ સાસરે જાય છે એટલે જો દીકરા જેટલું ભણાવીએ તો તે નોકરીધંધો કરે એનો લાભ તેના સસરાપક્ષને મળે છે તો શા માટે તેના શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવો? આવી આર્થિક મનોવૃત્તિ પણ ભેદ સર્જે છે.

### કુટુંબનું શ્રમવિભાજન

પ્રાચીન સમયથી કુટુંબનું શ્રમવિભાજન લિંગ આધારિત છે. પુરુષો ઘરનાં બહારનાં આર્થિક ઉત્પાદનનાં કાર્યો કરે છે. સ્ત્રીઓ બાળઉછેર, રસોઈ કરવી, પાણી ભરવું, વાસણ-કપડાંની સફાઈ, ગૃહસફાઈ વગેરે કામો કરે છે. સ્ત્રીનાં કાર્યો પુરુષે ન કરવાં જોઈએ એવી સામાજિક રૂઢિ ઘર કરી ગઈ છે.

વર્તમાન સમયમાં શિક્ષણમાં વધારો થયો છે તેથી સામાજિક પરિવર્તન શરૂ થયું છે. શિક્ષિત દીકરીઓ નોકરીઓ કરીને માતાપિતાને આર્થિક રીતે ઉપયોગી થઈ રહી છે. કેટલાંક પરિવારોમાં તો પુત્ર કરતાં પુત્રી વધારે તેજસ્વી હોઈ તેમજ શૈક્ષણિક અને આર્થિક રીતે આગળ વધેલી હોઈ માબાપને વધારે ઉપયોગી થાય છે. માત્ર પુત્રીઓ હોય તેવાં કુટુંબોમાં વૃદ્ધાવસ્થામાં માબાપની સારસંભાળ અને સેવાચાકરી એવી સારી રીતે કરે છે કે માબાપને પુત્ર ન હોવાનું દુઃખ થતું નથી. સમાજમાં એવી ઉમદા દીકરીઓના કારણે પુત્ર જેટલું જ મહત્ત્વ પુત્રીઓને પણ પ્રાપ્ત થઈ રહ્યું છે.

કેટલાક પુત્રો અને તેમની પત્નીઓ વૃદ્ધ માબાપની દરકાર કરતાં નથી અને વૃદ્ધાશ્રમોમાં મોકલી આપે છે. તેથી પણ પુત્રનું મહત્ત્વ ઘટે છે. રૂઢિગત ધાર્મિક માન્યતાઓ અને સામાજિક વલણો બદલાતાં જાય છે. એટલે હવે દીકરા-દીકરીના ઉછેરમાં ભેદભાવ ઘટતો જાય છે. દીકરીઓને પણ તેમની ક્ષમતા પ્રમાણે શિક્ષણ લેવામાં પુત્રો જેટલી જ સગવડ અપાય છે. શિક્ષિત પુત્રોને લગ્ન બાબત પણ તેની પસંદગીની તક અપાય છે. આવા પરિવર્તન છતાં ઘરનાં કામોમાં ભેદભાવ જોવા મળે છે. જે કુટુંબોમાં ઘરનાં બધાં કામો નોકરો મારફતે નથી થતાં તેવાં કુટુંબોમાં માતાને ઘરની સફાઈ, વાસણ-કપડાંની સફાઈ અને રસોઈનાં કામોમાં દીકરી મદદ કરે છે. તેના પર દબાણ કરીને કે સમજાવીને કામ લેવાય છે. જ્યારે દીકરો વાસણસફાઈ, રસોઈ કે કપડાં ધોવાનું ઘરકામ કરતો નથી. આવાં કામોમાંથી તેને સામેથી માતા મુક્તિ આપે છે.

## સ્વાધ્યાય

**1.** નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો :

(1) ચાર ગુજરાતી મહિલા સાહિત્યકારોનાં નામ લખો.
(2) સ્ત્રીઓની સમાનતા આડે આવતા માત્ર બે મુદ્દા જણાવો.
(3) દીકરા-દીકરીના ઉછેરમાં ધાર્મિક રૂઢિઓ કેવો ભાગ ભજવે છે ?
(4) ભારતમાં રાજકીય ક્ષેત્રમાં આગલી હરોળની ચાર મહિલાઓનાં નામ લખો.
(5) શ્રીમતી કિરણ બેદી વિશે ચાર વાક્યોમાં માહિતી આપો.

**2.** દરેક પ્રશ્નના ત્રણ ગુણ છે. મુદ્દાસર છ-સાત લીટીમાં જવાબ લખો :

(1) સ્ત્રી-પુરુષના ભેદભાવને પોષતાં સામાજિક વલણોની ચર્ચા કરો.
(2) કુટુંબનું શ્રમવિભાજન કેવું હોય છે ? તેની અસરો જણાવો.
(3) 'ભારતમાં પ્રાચીન કાળમાં સ્ત્રીનું સ્થાન' - ટૂંક નોંધ લખો.
(4) સરકારી નોકરીઓમાં સ્ત્રીઓને મળેલી સ્વતંત્રતાની ચર્ચા કરો.

**3.** વિગતવાર મુદ્દાસર ચર્ચા કરો :

(1) સ્ત્રીસ્વાતંત્ર્યનું મહત્ત્વ
(2) દીકરા-દીકરીના ઉછેરમાં ભેદભાવ દૂર કરવાના ઉપાયો
(3) સ્ત્રીઓની સમાનતાનાં ક્ષેત્રો જણાવી ગમે તે બેની ટૂંકમાં માહિતી આપો.
(4) ગાંધીજીના સત્યાગ્રહોમાં પ્રગટ થયેલી સ્ત્રીસમાનતા પર નોંધ લખો.

## પ્રવૃત્તિઓ

(1) તમારા ગામમાં દશ પરિવારોની મુલાકાત લઈ દીકરા-દીકરીના ઉછેરમાં દેખાતા ભેદભાવોની નોંધ કરો.
(2) ભણેલી નોકરી કરતી પાંચ સ્ત્રીઓની મુલાકાત લઈ તેઓ પોતાના પરિવારમાં કઈ-કઈ બાબતોમાં પોતાના પતિ સાથે સમાનતા ભોગવે છે તેની નોંધ કરો.
(3) વર્ગમાં ચર્ચાસભા ગોઠવો.
સ્ત્રીસમાનતા કુટુંબના વિકાસ માટે ઉપયોગી કે બિનઉપયોગી ?

•